# દક્ષિણ ગુજરાત-સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ : ધરમપુર ખાતે ૧૨ ઈંચ

## ગુજરાતના ૨૩૧ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ : કપરાડામાં ૮, રાજકોટમાં ૧૦ ઈંચ સુધીના વરસાદથી જળબંબાકાર : ૧૨ તાલુકામાં ૪-૬ ઈંચ વરસાદ

અમદાવાદ, તા.૩૦

દક્ષિણ ગુજરાત અને ખાસ કરીને વલસાડ અને ડાંગમાં આજે પણ અનેક જગ્યાઓએ ભારેથી અતિભારે વરસાદ જારી રહ્યો હતો. સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં પણ ભારે વરસાદ થયો હતો જેમાં રાજકોટનો સમાવેશ થાય છે. વલસાડ, ડાંગ, સુરત, નવસારી, તાપી સહિતના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ જારી રહ્યો છે જેના લીધે જનજીવન ખોરવાઈ જવાની સાથે સાથે તમામ વિસ્તારો જળબંબાકાર બની ગયા છે. જામનગર, ભાવનગર, દેવભૂમિ દ્વારકા, સુરેન્દ્રનગર, બોટાદ, કચ્છ જેવા વિસ્તારોમાં પણ ઘણી જગ્યાઓએ ભારે વરસાદ થયો છે. સૌરાષ્ટ્ર અને કચ્છ ઉપર મોનસુન જોરદારરીતે સક્રિય થઈ ગયું છે. આના પરિણામ સ્વરુપે ભારેથી અતિભારે વરસાદ થઈ રહ્યો છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં સાર્વત્રિક વરસાદ પડ્યો છે. રાજ્યના ૨૩૧ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ થયો છે. વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં ૧૨ ઈંચ વરસાદ જ્યારે કપરાડામાં આઠ, પારડીમાં છ ઈંચ વરસાદ થયો છે. રાજકોટમાં ૧૦ ઈંચથી વધુ વરસાદ થયો હોવાના અહેવાલ મળ્યા છે. ૩૪ તાલુકાઓમાં બેથી ચાર ઈંચ, ૧૨ તાલુકાઓમાં ચારથી છ ઈંચ વરસાદ થયો છે. રાજયમાં આજે મેઘરાજા સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત પર વધુ મહેરબાન થયા હતા. જેમાં રાજકોટમાં છેલ્લા ૨૪ કલાકમાં દસ ઈંચથી વધુ વરસાદ ખાબકતાં સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી. લોકોના ઘરોમાં અને ખેતરોમાં વરસાદી પાણી ફરી વળ્યા હતા. આ સિવાય રાજકોટના હડમતીયામાં છ ઈંચ તો, ધ્રોલમાં સાત ઈંચથી વધુ વરસાદ ખાબકયો હતો. ધ્રોલના લતીપુરમાં તો અતિ ભારે વરસાદના કારણે ઘોડાપુર આવતાં જળબંબાકારમય સ્થિતિ સર્જાઇ હતી. તો, જામનગર, સુરેન્દ્રનગર, જૂનાગઢ, બોટાદ સહિતના પંથકોમાં પણ ભારેથી અતિ ભારે વરસાદ નોંધાયો હતો. નવસારીની અંબિકા નદી નવા નીરની આવક થતાં ભયજનક સપાટીએ વહેતાં તંત્રએ કિનારાના અને આસપાસના વિસ્તારના લોકોને એલર્ટ કર્યા હતા અને અગમચેતીના ભાગરૂપે સલામત સ્થળે ખસેડયા હતા. ભાદર નદીમાં ઘોડાપૂર આવતાં લોકો નદીના પૂર જોવા ઉમટયા હતા. મોરબીના મચ્છુ ડેમમાં પણ પાણીની આવક વધી હતી. આ જ સિવાય સુરત, તાપી, નવસારી, ભરૂચ અને ડાંગ પંથકોમાં પણ ભારેથી અતિ ભારે વરસાદ નોંધાયો હતો. કચ્છના નલિયા અને અબડાસામાં પણ ભારેથી અતિ ભારે વરસાદ નોંધાતા ત્યાં પણ સર્વત્ર પાણી જ પાણીની પરિસ્થિતિ સર્જાઇ હતી. રાજકોટ જિલ્લાના હડમતિયામાં ધોધમાર ૬ ઈંચ જેટલો વરસાદ નોંધાતા સ્થાનિક કંકાવટી નદી બે કાંઠે વહેવા લાગી હતી. હડમતિયાના ખેડૂતો માટે વરસાદ આશીર્વાદ સમાન બનીને આવતાં સ્થાનિક ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો હતો. ધ્રોલના લતીપરમાં ૭ ઈંચ અને ધ્રોલમાં ૬ ઈંચ વરસાદ નોંધાયો હતો. તો પડધરી, કોટડાસાંગાણીમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. રાજકોટ આજી-૨ ડેમ ઓવરફ્લો થતા ખેડૂતોમાં ખુશીની લાગણી વ્યાપી ગઈ હતી. ઉપરવાસમાં ભારે વરસાદને કારણે ડેમ ઓવરફ્લો થતા ત્રણ દરવાજા ખોલવામાં આવ્યા હતા. બીજીબાજુ, રાજકોટમાં છેલ્લા ૨૪ કલાકમાં દસ ઈંચથી વધુ વરસાદ નોંધાતા ભારે જળબંબાકારની સ્થિતિ બની હતી. ભારે વરસાદના પગલે અનેક સ્થળે રસ્તાઓનું ધોવાણ થયું હતું. વરસાદી પાણી લોકોના ઘરો અને ખેતરોમાં ફરી વળતાં સ્થાનિક લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. રાજકોટમાં સતત વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારમાં આવેલા ઘરોમાં પાણી ભરાયા હતા. પાણીનો ઘરમાં ભરાવો થતા લોકોની ઘરવખરી અને માલસામાન-ચીજવસ્તુઓ પલળી ગયા હતા. ભારે વરસાદના કારણે રાજકોટ શહેરમાં ગરનાળા બંધ કરવાની ફરજ પડી હતી. શહેરના લક્ષ્મીનગર અને મોદી સ્કૂલ પાસે આવેલા ગરનાળા બંધ કરાયા હતા.



### મોડાસાના પરબડી વિસ્તારમાં મેઘરાજાને રીઝવવા પર્જન્ય યજ્ઞ

હવામાન વિભાગની ભારેથી અતિભારે વરસાદની આગાહી વચ્ચે અરવલ્લી જિલ્લામાં વરસાદ નામ માત્ર થતા ખેડૂતોમાં ભારે ચિંતા ફરી વળી છે. આકાશે કાળા ડિબાંગ વાદળોની ઘેરાબંધી પછી પણ વરસાદ પડતો ન હોવાથી જિલ્લાના પ્રજાજનોએ ભગવાનની શરૂણ લીધી છે. મોડાસા શહેરમાં પરબડી વિસ્તારના દુકાનદારો અને પ્રજાજનોએ વરૂણદેવને રીઝવવા પર્જન્ય યજ્ઞ યોજી મંત્રોચ્ચાર અને સમુહ પ્રાર્થના કરી હતી.




### ડભોડા હોમગાર્ડઝ કચેરી ખાતે જનરલ હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો

કર્ણાવતી સુપર સ્પેશ્યાલીટી હોસ્પીટલ સૈજપુર અમદાવાદના ઉપક્રમે ડભોડા હોમગાર્ડઝ યુનિટ ગાંધીનગર ખાતે હોમગાર્ડઝ સભ્યોનો જનરલ હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૮૮ હોમગાર્ડઝ સભ્યોના ડાયાબીટીસ, ઈસીજી, બ્લડપ્રેસર, એસ.પી.ઓઆર બી.એમ.આઈ વગેરેની હોસ્પીટલના ડૉક્ટરો દ્વારા તપાસ કરવામાં આવી હતી. આ કેમ્પમાં હોસ્પિટલના ડૉક્ટર કમલકિશોર પોરવાલ, ભાવનાબેન તથા સ્ટાફે સરસ સંચાલન કરી દરેકની સંપૂર્ણ શારીરિક તપાસણી કરી હતી. ડભોડા ગામના બળદેવભાઈ હીરાભાઈ પરમારે આ કેમ્પનું સફળ આયોજન કર્યુ હતુ. યુનિટના ઓફિસર કમાન્ડીંગ દશરથસિંહ એમ. પરમારે હોસ્પિટલની કામગીરી બિરદાવી આભાર વ્યક્ત કર્યો હતો.

## વિઠ્ઠલ રાદડિયાનો પાર્થિવદેહ પંચમહાભૂતમાં વિલીન

અમદાવાદ, તા.૩૦

પૂર્વ સાંસદ અને ભાજપના મોટા ગજાના નેતા એવા વિઠ્ઠલભાઇ રાદડિયાનું ગઈકાલે દુઃખદ નિધન થયા બાદ જામકંડોરણામાં કન્યા છાત્રાલય ખાતે તેના પાર્થિવદેહને આજે અંતિમ દર્શન માટે રાખવામાં આવ્યો હતો. અંતિમદર્શન પૂર્ણ થયા બાદ તેમના પાર્થિવ દેહને અંતિમવિધિ માટે તેમના જામકંડોરણા ખાતે નિવાસસ્થાને લઈ જવામાં આવ્યો હતો બાદમાં અંતિમયાત્રા નીકળી હતી. જેમાં સૌરાષ્ટ્રભરમાંથી ખૂબ મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. કેબીનેટ મંત્રી અને વિઠ્ઠલભાઇના પુત્ર જયેશ રાદડિયાએ સ્વર્ગસ્થના પાર્થિવ દેહને મુખાગ્નિ આપ્યો ત્યારે ભારે કરૂણ અને લાગણીસભર દ્રશ્યો સર્જાયા હતા. જયેશ રાદડિયા એક તબક્કે હૈયાફાટ રૂદન કરી ભાંગી પડયા હતા ત્યારે સ્વજનોએ તેમને ભારે દિલાસો આપ્યો હતો. સ્વ.વિઠ્ઠલભાઇ રાદડિયાની આજની અંતિમયાત્રા માટે ખાસ શબવાહિનીને ફૂલોનો શણગાર કરવામાં આવ્યો હતો. જામકંડોરણામાં સ્વયંભૂ બંધ પાળી વેપારીઓ અંતિમયાત્રામાં જોડાયા હતા. અંતિમયાત્રા નીકળતા જ વિઠ્ઠલભાઇના પત્ની ચેતનાબેને હૈયાફાટ રૂદન કરતા વાતાવરણ ગમગીન બની ગયું હતું. અંતિમયાત્રા નીકળતા બીજીબાજુ, ધોધમાર વરસાદ પણ શરૂ થયો હતો. પરંતુ વરસતા વરસાદમાં પણ ખૂબ મોટી સંખ્યામાં લોકો અંતિમ યાત્રામાં જોડાયેલા રહ્યા હતા. આખરે પુત્ર જયેશભાઈએ મુખાગ્નિ આપી હતી. ત્યારબાદ વિઠ્ઠલભાઈનો પાર્થિવ દેહ પંચમહાભૂતમાં વિલિન થયો હતો. આ દરમ્યાન જયેશ રાદડિયા ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા હતા. અંતિમયાત્રા નિવાસસ્થાનેથી નીકળતા જ હજારો લોકોની આંખોમાંથી આંસુ સરી પડ્યા હતા. શણગારેલી શબવાહિનીમાં આગળ વિઠ્ઠલભાઈનો સાફાવાળો ફોટો રાખવામાં આવ્યો હતો.

અંતિમયાત્રામાં જય જવાન જય કિસાન, વિઠ્ઠલભાઈ તમે અમર રહોના નારા લોકો દ્વારા લગાવવામાં આવ્યા હતા. ખેડૂતોમાં પણ ગમગીની જોવા મળી હતી. અંતિમસંસ્કાર જામકંડોરણાના સ્મશાનમાં કરવામાં આવી હતી. વિઠ્ઠલભાઈની અંતિમયાત્રામાં દરેક સમાજના લોકો જોડાયા હતા. એટલું જ નહી, ખૂબ મોટી સંખ્યામાં મુસ્લિમ સમાજના લોકો પણ અંતિમયાત્રામાં જોડાયા હતા.

## શામળાજી નજીક ડસ્ટર કારમાં અગમ્ય કારણોસર આગ લાગતા આગમાં સ્વાહા

શામળાજી, તા. ૩૦

સોમવારે રાત્રીના ૧૦ વાગ્યાના સુમારે અમદાવાદ-ઉદેપુર ઉતરી જતા આબાદ બચાવ થયો હતો. થોડીક જ મિનિટમાં ડસ્ટર કાર આગમાં ખાખ થઈ ગઈ હતી. સતત



ને.હા. નં. ૮ પર હિંમતનગરથી રાજસ્થાન તરફ જઈ રહેલ ડસ્ટર કારમાં શામળાજી નજીક અગમ્ય કારણોસર આગ લાગતા કારમાં સવાર ૫ લોકો રોડ પર ડસ્ટર ગાડી ઉભી રાખી સમય સુચકતા વાપરી વાહનોથી ધમધમતા હાઈવે પર કારમાં આગ લાગતા ભારે અફરાતફરી મચી ગઈ હતી. આગ લાગતા ભારે ટ્રાફિક જામના દશ્યો સર્જાતા દોડી આવેલી શામળાજી પોલીસે ટ્રાફિક પૂર્વરત કરાવ્યો હતો.

## પસવાદળના લક્ષ્મી પૂરા પ્રાશાળા ચાલુ રાખવા ગ્રામજનોની રજૂઆત

વડગામ તાલુકાના પસવાદળ ગામના લક્ષ્મીપૂરા પરા વિસ્તારમાં આવેલી પ્રાથમિક શાળાનું અંતર એક શાળાથી બીજી શાળા વચ્ચે ૧૧૫૦ મીટર કરતા વધુ અંતર છે.જ્યારે તાલુકા પંચાયત ના અધિકારીઓ દ્વારા ૯૦૦ મીટર અંતર દર્શાવતા મજેના સ્કુલ બંધ થાય તેવું સર્જાયું છે.

ત્યારે આ સ્કૂલ વચ્ચેનું અંતર તાલુકા પંચાયતના અધિકારીઓ દ્વારા ખોટી માપણી કરાયાના આક્ષેપ ગ્રામજનો દ્વારા કરાઈ રહ્યા છે બન્ને શાળાઓ વચ્ચે એક કિલોમીટર કરતા વધુ છે. જેને ગ્રામજનોની હાજરી માં માપ કરવામાં આવે તેવી માંગ સાથે લેખિત રજૂઆત કરાઈ છે.

## ગાંધીનગર જિલ્લામાં ગ્રામ્ય કક્ષાએ ૧૪,૮૩૨ અને શહેરી વિસ્તારમાં ૭,૧૧૬ ખેલાડીઓનું ઓનલાઈન રજિસ્ટ્રેશન

ગાંધીનગર, તા. ૩૦

સમગ્ર રાજયમાં દર વર્ષે ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવે છે. ખેલ મહાકુંભ-૨૦૧૯માં ભાગ લેવા ઈચ્છતા ખેલાડીઓનું ઓનલાઈન રજિસ્ટ્રેશન તા. ૧૫મી ઓગષ્ટ સુધી કરી શકાશે. ગાંધીનગર જિલ્લામાં તા. ૩૦મી જુલાઈ, ૨૦૧૯ના બપોરના ૧૨.૩૦ કલાક સુધીમાં ખેલ મહાકુંભ-૨૦૧૯ માટે ગ્રામ્ય કક્ષાએ ૧૪,૮૩૨ ખેલાડીઓ અને ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ૭,૧૧૬ ખેલાડીઓના નામનું રજિસ્ટ્રેશન થઈ ચુક્યું છે.

ખેલ મહાકુંભ - ૨૦૧૯માં તાલુકા, જિલ્લા અને રાજયકક્ષાની મળી કુલ-૩૫ વિવિધ રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગાંધીનગર જિલ્લામાં ખેલ મહાકુંભ-૨૦૧૯માં સહભાગી થવા માટે ગ્રામ્યકક્ષાએ તા. ૩૦મી જુલાઈના રોજ બપોરના ૧૨.૩૦ કલાક સુધીમાં કુલ-૧૪,૮૩૨ ખેલાડીઓએ પોતાના નામનું રજિસ્ટ્રેશન કરાવ્યું છે. જેમાં કલોલ તાલુકામાં ૪,૦૭૧, માણસા તાલુકામાં ૨,૮૧૬, ગાંધીનગર તાલુકામાં ૫,૫૦૭ અને દહેગામ તાલુકામાં ૨,૪૩૮ ખેલાડીઓએ પોતાનું નામનું રજિસ્ટ્રેશન કારાવ્યું છે. જેમાં એથ્લેટીક્સમાં ૯,૬૨૪, વોલીબોલમાં ૩૫૭, ચેસમાં ૨૮૧, બેડમિન્ટનમાં ૧૮૭, ફુટબોલમાં ૪૯૩, સ્કેટીંગમાં ૧૦૬, જીન્માસ્ટીકમાં ૬, આર્ટીસ્ટીક સ્કેટીંગમાં ૧, બોક્સિંગમાં ૧૬, સ્પોર્ટ કલાઈમીંગમાં ૪, રોલ બોલમાં ૧૦૫, કબડ્ડીમાં ૧૦૫૦, ખોખોમાં ૧,૦૮૪, રસ્સાખેંચમાં ૧૦૨, યોગાસનમાં ૧૭૭, બાસ્કેટબોલમાં ૧૫૨, જુડોમાં ૧૭૩, હોકીમાં ૩૧૧, લોન ટેનિસમાં ૩૧, સાઈકલીંગમાં ૧૩, વેઈટલીફટીંગમાં ૨, કરાટેમાં ૫૩, રગ્બી ફૂટબોલમાં ૧૨, ઘોડેસવારીમાં ૧૩, શુટીંગ બોલમાં ૨૬, આર્ચરીમાં ૧૯, સ્વીમીંગમાં ૬૬, ટેબલ ટેનિસમાં ૯૪, કુસ્તીમાં ૪૫, ટેકવેન્ડોમાં ૫૪, શુટીંગમાં ૧૫, ફેન્સીંગમાં ૧૩, મલખમ્બમાં ૧ અને સોફટ ટેનિસમાં ૧ ખેલાડીઓના નામનું રજિસ્ટ્રેશન કરાવ્યું છે. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારને એ, બી, સી અને ડી એમ ચાર ઝોનમાં વહેંચી નાખવામાં આવ્યું છે. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આજે બપોરના ૧૨.૩૦ કલાક સુધીમાં કુલ-૭,૧૧૬ ખેલાડીઓએ પોતાના નામની નોંધણી કરાવી છે. જેમાં ઝોન - એ માં ૩,૭૯૪, ઝોન-બીમાં ૧,૫૭૩, ઝોન સી માં ૫૩૦ અને ઝોન ડી માં ૧૨૧૯ ખેલાડીઓના નામની નોંધણી કરાવી છે. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં એથ્લેટીકસમાં ૩,૮૧૮, વોલીબોલમાં ૧૮૨, ચેસમાં ૫૪૯, બેડમિન્ટનમાં ૪૨૭, ફુટબોલમાં ૩૪, સ્કેટીંગમાં ૧૨૯, હેન્ડબોલમાં ૧૮, જીન્માસ્ટીકમાં ૫, આર્ટીસ્ટીક સ્કેટીંગમાં ૧, બોક્સિંગમાં ૧૭, સ્પોર્ટ કલાઈમીંગમાં ૨, કબડ્ડીમાં ૪૯૩, રસ્સાખેંચમાં ૪૫, યોગાસનમાં ૪૬, બાસ્કેટબોલમાં ૮૦, જુડોમાં ૪૪, હોકીમાં ૨૧૧, લોન ટેનિસમાં ૧૧૬, સાઈકલીંગમાં ૨૧, વેઈટલીફટીંગમાં ૧૧, કરાટેમાં ૪૦ સોફટ ટેનીસમાં ૪, ખોખોમાં ૪૭૧, રગ્બી ફૂટબોલમાં ૧૨, ઘોડેસવારીમાં ૧૩, શુટીંગ બોલમાં ૧, આર્ચરીમાં ૪૧, સ્વીમીંગમાં ૭૩, ટેબલ ટેનિસમાં ૯૯, કુસ્તીમાં ૩૭, ટેકવેન્ડોમાં ૭૧, શુટીંગમાં ૧૫, ફેન્સીંગમાં ૫, મલખમ્બમાં ૪ અને ઘોડે સવારીમાં ૬ ખેલાડીઓના નામનું રજિસ્ટ્રેશન કરાવ્યું છે.

## ગુજરાત ગુરૂ બ્રાહ્મણ સમાજ સાબરકાંઠા દ્વારા આયોજિત તારલા-વિશિષ્ટોનો સન્માન

ગુજરાત ગુરૂબ્રાહ્મણ સમાજ-સાબરકાંઠા દ્વારા સમાજના તેજસ્વી તારલા-નિવૃત્ત કર્મચારીઓ વિશિષ્ટ પ્રતિભાઓનો સન્માન કાર્યક્રમ હિંમતનગર ખાતે યોજવામાં આવ્યો હતો. અધ્યક્ષસ્થાને સમાજના પ્રમુખ જે.વી. શ્રીમાળી, મુખ્યમહેમાન ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમના ચેરમેન ગૌતમભાઈ ગેડીયા, ઉદ્‌ઘાટક ગીરીશભાઈ પંડ્યા, મહામંત્રી સી.એન. જોષી, માહિતી ખાતાના નિવૃત અધિકારી ભાનુપ્રસાદ દવે, સંગઠન કન્વીનર કાન્તીભાઈ પંડ્યા, હીરાભાઈ પંડ્યા, અરવિંદભાઈ પંડિત, કાન્તાબેન પંડ્યા, મુકેશભાઈ પંડ્યા, ભીખાભાઈ પંડ્યા, પુનમભાઈ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા.

### વરસાદના યોગ...

છેલ્લા પાનાનું ચાલુ

તો સારો વરસાદ પડે છે. આ વખતે હવામાં ભેજ સારો હોવા છતા પણ ઉત્તર ગુજરાત ગાંધીનગરના ભાગોમાં ઓછો વરસાદ પડે છે. વરસાદના પોરા ધીમી ધારે વરસી રહ્યા છે. અંગારક યોગના લીધે કોઈ ભાગમાં ભારે તો કોઈ ભાગમાં ઓછો વરસાદ થતો હોય છે. રાજપુતાનામાં હવાનુ દબાણ હોય ઉપરાંત માળવામાં હવાનુ દબાણ હોય તેવુ સિંધમાં પણ હવાનુ દબાણ હોય તો તેવા દબાણોથી સમગ્ર રાજયમાં સારો વરસાદ પડતો હોય છે. આ વખતે વરસાદની ધરી અને પવનો પણ સાનુકુળ હોવાછતા વરસાદી વાહન સિંધ તરફ જતા આ વખતે બનાસકાંઠાના ભાગોમાં સારો વરસાદ થયો છે. પરંતુ વરસાદી વાહન ઉત્તર ગુજરાતી વાહનોથી ગાંધીનગર પહોંચતુ નથી. ગાંધીનગર સહીત કેટલાક ઉત્તરના ભાગોમાં ધીમે ધીમે અને ઝરમર વરસાદ થાય છે. પરંતુ ગ્રહોના આધારે જોતા ઓગષ્ટ તા ૩ સુધી ગાંધીનગરના કેટલાક ભાગોમાં સારો વરસાદ થઈ શકે તેમ છે. જયારે ઓગષ્ટની તા ૫ થી ૧૦ માં પણ સારા વરસાદના યોગ છે.

### વરસાદના યોગ... છેલ્લા પાનાનું ચાલુ

તો સારો વરસાદ પડે છે. આ વખતે હવામાં ભેજ સારો હોવા છતા પણ ઉત્તર ગુજરાત ગાંધીનગરના ભાગોમાં ઓછો વરસાદ પડે છે. વરસાદના પોરા ધીમી ધારે વરસી રહ્યા છે. અંગારક યોગના લીધે કોઈ ભાગમાં ભારે તો કોઈ ભાગમાં ઓછો વરસાદ થતો હોય છે. રાજપુતાનામાં હવાનુ દબાણ હોય ઉપરાંત માળવામાં હવાનુ દબાણ હોય તેવુ સિંધમાં પણ હવાનુ દબાણ હોય તો તેવા દબાણોથી સમગ્ર રાજયમાં સારો વરસાદ પડતો હોય છે. આ વખતે વરસાદની ધરી અને પવનો પણ સાનુકુળ હોવાછતા વરસાદી વાહન સિંધ તરફ જતા આ વખતે બનાસકાંઠાના ભાગોમાં સારો વરસાદ થયો છે. પરંતુ વરસાદી વાહન ઉત્તર ગુજરાતી વાહનોથી ગાંધીનગર પહોંચતુ નથી. ગાંધીનગર સહીત કેટલાક ઉત્તરના ભાગોમાં ધીમે ધીમે અને ઝરમર વરસાદ થાય છે. પરંતુ ગ્રહોના આધારે જોતા ઓગષ્ટ તા ૩ સુધી ગાંધીનગરના કેટલાક ભાગોમાં સારો વરસાદ થઈ શકે તેમ છે. જયારે ઓગષ્ટની તા ૫ થી ૧૦ માં પણ સારા વરસાદના યોગ છે.

### ટ્રેન એક વર્ષથી બંધ...

છેલ્લા પાનાનું ચાલુ

ધીમે વધી રહી છે. પરંતુ હાલ સ્ટેશન વિસ્તારમાં ફાઈવ સ્ટાર હોટલના નિર્માણનુ કામ હાથ ધરાતા સ્ટેશન પર આવતી કેટલીક ટ્રેઈન પણ બંધ કરી દેવામાં આવી છે. હોટલની સાથે સ્ટેશનનને અનુલક્ષીને પણ કામગીરી હાથ ધરવામાં આવી છે. સ્ટેશન પર આવતી હરિદ્વારની ટ્રેઈન બંધ થતા સ્થાનિકોને છેલ્લા એક વર્ષથી હાલાકી વેઠવી પડે છે. બીજીતરફ ભાવનગરની ટ્રેઈન પણ આ પ્લેટફોર્મ પર આવે છે. જયોર ભાવનગર ઉધમપુર વચ્ચેની ટ્રેઈન પણ હવે ગાંધીનગર થઈને દોડવામાં આવી રહી છે. આ ટ્રેઈન પણ કેપિટલ સ્ટેશનના ટ્રેક પરથી પસાર થાય છે ત્યારે છેલ્લા એક વર્ષથી બંધ હરિદ્વારની ટ્રેઈન પણ આ તબક્કે હવે પુન : શરૂ કરી દેવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે. હાલ હોટલ નિર્માણની કામગીરીને અનુલક્ષીને પ્લેટફોર્મ નં -૧ હોટલના તાબા હેઠળ છે. ત્યારે ટ્રેઈન સેવાને ઘણાં લાંબા સમયથી અસર થઈ છે. કેપિટલ સ્ટેશનને છાજે તેવા રૂટની નવી ટ્રેઈન શરૂ કરવા માટે પણ લાંબા સમયથી માંગણી કરવામાં આવી રહી છે. દેશના વિવિધ રાજયોને જોડતી ટ્રેઈન સેવા શરૂ કરવા માટે પણ અનેકવાર રજુઆત કરવામાં આવી છે. પરંતુ હજુ સુધી નવી ટ્રેઈન શરૂ કરવામાં આવી નથી રેલવે બજેટમાં પણ કેપિટલ સ્ટેશનને ઠંગો દેખાડી દેવામાં આવે છે. ત્યારે નગરના જન્મદિવસ નિમિત્તે નવી લાંબા રૂટની ટ્રેઈન ફાળવવા માટે પણ રજુઆત કરવામાં આવી છે. આ ઉપરાંત છેલ્લા એક વર્ષથી બંધ હરિદ્વારની ટ્રેઈન શરૂ થાય તે માટે પણ શહેર વસાહત મહામંડળે રજુઆત કરી છે.

### રાજ્યસભામાં બિલ પસાર...

● પહેલા પાનાનું ચાલુ

પત્નિની વય ૧૮ વર્ષ નક્કી કરવામાં આવી હતી. ૫૫ વર્ષ પહેલા કોંગ્રેસે એ બાબત નક્કી કરી હતી કે, અમે આ કામની સાથે ખુબ યોગ્ય છીએ. કાનૂન મંત્રીએ કહ્યું હતું કે, પરિવાર કઈરીતે ચાલશે તે બાબત અંગે વિચારણા કોંગ્રેસ સરકારે દહેજ એક્ટ બનાવતી વેળા કેમ કરી ન હતી. કોંગ્રેસ સરકારે ૧૯૬૧માં દહેજની સામે કાનૂન લાવવા માટે કામ કર્યું હતું. દહેજ લેવા પર પાંચ વર્ષની સજા અને માંગવા પર બે વર્ષની સજા કરવામાં આવી હતી. ૧૯૮૬માં આને બિનજામીનપાત્ર અપરાધ તરીકે જાહેરાત કરવામાં આવી હતી તે વખતે એવી કોઈ વિચારણા કરવામાં આવી ન હતી કે, પરિવાર કઈરીતે ચાલશે. કાનૂન તમામ ઉપર લાગૂ થાય છે. કોંગ્રેસ પાર્ટી હંમેશા સારા હિત માટેના બિલ માટે અડચણો ઉભી કરે છે. શાહબાનો પ્રકરણની યાદ અપાવતા રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે, ૧૯૮૬માં બે દિવસ સુધી તારીખ મોહમ્મદ ખાનનું ભાષણ ચાલ્યું હતું. આટલી હિંમત કોંગ્રેસ સરકાર આખરે દહેજ ઉત્પીડનના અપરાધને બિનજામીનપાત્ર બનાવે છે અને શાહબાનોના મામલામાં પીછેહઠ કરી ગઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, લોકસભામાં ૨૫મી જુલાઈના દિવસે લાંબી ચર્ચા બાદ ત્રિપલ તલાક બિલને પાસ કરી દેવામાં આવ્યું હતું. લોકસભામાં ત્રીજી વખત ત્રિપલ તલાક બિલ પાસ કરવામાં આવ્યું હતું. અગાઉ બે વખત રાજ્યસભામાં આ બિલ અટવાઈ પડ્યું હતું અને આગળ વધી શક્યું ન હતી પરંતુ આજે રાજ્યસભામાં પણ આ બિલ પાસ થઈ ગયું હતું. ઓગસ્ટ ૨૦૧૭માં ત્રિપલ તલાકને સુપ્રીમ કોર્ટે ગેરબંધારણીય ગણાવ્યો હતો. મોદી સરકારની પ્રથમ અવધિમાં બે વખત આ બિલને મંજુરી મળી હતી પરંતુ રાજ્યસભામાં બિલ અટવાયું હતું. અગાઉ ખુબ જ ચર્ચાસ્પદ અને જટિલ ત્રિપલ તલાક બિલ ઉપર લોકસભામાં ચર્ચા શરૂ થઈ હતી. ત્રિપલ તલાક બિલને પસાર કરવાના કેન્દ્ર સરકાર દ્વારા ત્રીજી વખત પ્રયાસ થઈ રહ્યા હતા. અગાઉ બે વખત સરકાર દ્વારા ત્રિપલ તલાક બિલને પસાર કરવાના પ્રયાસ કરવામાં આવ્યા છે પરંતુ સફળતા હાથ લાગી નથી. અગાઉ પણ લોકસભામાં બે વખત ત્રિપલ તલાક બિલ પાસ કરી દેવામાં આવ્યું હતું પરંતુ રાજ્યસભામાં ત્રિપલ તલાક બિલ જુદાજુદા વાંધાઓના કારણે અટવાઈ પડ્યું હતું. આ વખતે પણ ભાજપના લોકો અને સરકાર ત્રિપલ તલાક બિલને પાસ કરવા માટે પહેલાથી જ આશાવાદી બનેલી હતી.

૨૮મી ડિસેમ્બર ૨૦૧૭ના દિવસે લોકસભામાં ત્રિપલ તલાક બિલ પાસ કરવામાં આવ્યું હતું પરંતુ રાજ્યસભામાં આ મામલો અટવાઈ પડ્યો હતો. ત્યારબાદ ૨૭મી ડિસેમ્બર ૨૦૧૮ના દિવસે પણ લોકસભામાં ત્રિપલ તલાક બિલ પાસ કરી દેવામાં આવ્યું હતું.

KALPA-TARU®

**POWER TRANSMISSION LIMITED**

**Registered Office :** Plot No. 101, Part III, G.I.D.C. Estate, Sector - 28, Gandhinagar - 382 028
**CIN :** L40100GJ1981PLC004281
**Tel No:** +91 79 2321 4000 **Fax :** +91 79 2321 1966 **E Mail :** cs@kalpatarupower.com

**Extract of Unaudited Financial Results for the Quarter ended June 30, 2019**

(₹ in Crores)

| Particulars | Standalone | | | Consolidated | | |
|---|---|---|---|---|---|---|
| | Quarter Ended | | Year Ended (Audited) | Quarter Ended | | Year Ended (Audited) |
| | June 30, 2019 | June 30, 2018 | March 31, 2019 | June 30, 2019 | June 30, 2018 | March 31, 2019 |
| Total Income from Operations | 1,655 | 1,325 | 7,115 | 2,771 | 2,084 | 10,840 |
| Net Profit for the period (before tax, exceptional and / or extraordinary items) | 142 | 125 | 624 | 168 | 136 | 761 |
| Net Profit for the period before tax (after exceptional and / or extraordinary items) | 142 | 125 | 624 | 168 | 136 | 761 |
| Net Profit for the period (after tax, exceptional and / or extraordinary items) | 92 | 81 | 401 | 107 | 89 | 487 |
| Total Comprehensive Income for the period (comprising profit for the period after tax and other comprehensive income after tax) | 90 | 76 | 421 | 103 | 87 | 513 |
| Equity Share Capital (Face Value of ₹ 2 each) | 31 | 31 | 31 | 31 | 31 | 31 |
| Other Equity | - | - | 3,121 | - | - | 3,089 |
| Earnings Per Share of ₹ 2 each (not annualised) (₹) (for continuing and discontinued operations) | | | | | | |
| a) Basic | 6.02 | 5.28 | 26.15 | 6.50 | 5.54 | 30.42 |
| b) Diluted | 6.02 | 5.28 | 26.15 | 6.50 | 5.54 | 30.42 |

**Notes:**

1 The above is an extract of the detailed format of quarterly financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the financial results is available on the Stock Exchanges' websites, www.nseindia.com, www.bseindia.com and on the Company's website **www.kalpatarupower.com**.

2 The Company has adopted Ind AS 116 "Leases" with effect from April 1, 2019, with a modified retrospective approach. The cumulative effect of initial application of Ind AS 116, has been adjusted in opening retained earnings on the date of application i.e. April 1, 2019, which is not material, as permitted by standard. Similar impact on the financial results of the quarter June 30, 2019 is not material.

3 The above results were reviewed by the Audit committee and approved by the Board at their meeting held on July 30, 2019. The same have also been subjected to Limited Review by the Statutory Auditors, however, consolidated results for the quarter ended June 30, 2018, were not subjected to Limited Review by the Statutory Auditors.

4 Subsequent to the quarter end June 30, 2019, the Company has signed a definitive agreement with Tano India Private Equity Fund II (Tano) to acquire 19.94% stake in Shree Shubham Logistics Limited (SSL) for a consideration of ₹ 64.66 Crores. The consideration will be paid through a non-cash equity swap transaction, in which 12,54,900 equity shares of the Company will be issued to Tano at the value of ₹ 515.25 per share, subject to relevant approvals. On completion of this acquisition, the Company's stake in SSL shall increase to ~100%.

5 Subsequent to the quarter end June 30, 2019, the Company has entered into binding agreements with CLP India Private Limited to sell its stake in 3 (Three) power transmission assets namely, Kalpataru Satpura Transco Private Limited (KSTPL), Alipurduar Transmission Limited (ATL) and Kohima Mariani Transmission Limited (KMTL) (referred jointly as SPVs), for an estimated enterprise value of ₹ 3,275 Crores. The transaction is subject to requisite approvals and compliances.

6 On April 29, 2019, the Company's wholly owned subsidiary Kalpataru Power Transmission Sweden AB had acquired 85% stake in Linjemontage i Grästorp AB (LMG Sweden). As per Ind AS 103, purchase consideration has been allocated on identifiable assets and liabilities of LMG Sweden.

7 The previous period's / year's figures have been regrouped/ rearranged wherever considered necessary.

For and on behalf of the Board of Directors

**Manish Mohnot**
**Managing Director & CEO**
**DIN:01229696**

**Place : Gandhinagar**
**Date : July 30, 2019**

To support green initiative of the Government in full measure, Members who have not registered their e-mail addresses, so far, are requested to register their e-mail addresses in the following manner:

a. In respect of electronic holdings with the Depository through their concerned Depository Participants.

b. Members who hold shares in physical form are requested to register their e-mail ID with cs@kalpatarupower.com quoting your name and folio number.